## 1. ગુપ્તોનો ઉદય કયાં કારણોથી થયો?

- ગુપ્તયુગ શક્તિશાળી, મેધાવી અને પ્રતાપી સમ્રાટોનો શાસનકાળ હતો. આ સમ્રાટોએ ઉત્તર ભારતને રાજકીય છત્ર નીચે સંગઠિત કર્યું. ઇતિહાસકારોના મતે શ્રીગુપ્ત નામના રાજાએ ગુપ્તવંશની સ્થાપના કરી હતી. તેના પુત્રનું નામ ઘટોત્કચ હતું. આ બંને શાસકોએ આશરે ઈ. સ. 250થી 319 સુધી શાસન કર્યું હતું.
- ચંદ્રગુપ્ત પ્રથમ (ઈ. સ. 319થી 334) : ગુપ્ત રાજા ઘટોત્કચના અવસાન બાદ તેનો પુત્ર ચંદ્રગુપ્ત પ્રથમ મગધની ગાદીએ આવ્યો. તેણે પોતાના પૂર્વજોએ ધારણ કરેલા 'મહારાજા'ના બિરુદથી આગળ વધીને 'મહારાજાધિરાજ'નું બિરુદ ધારણ કર્યું હતું.
- આમ, ચંદ્રગુપ્ત પ્રથમના સમયમાં ગુપ્તોની સત્તા સ્વતંત્ર થઈ અને ગુપ્ત સામ્રાજ્યનો ઉદય થયો. ચંદ્રગુપ્ત પ્રથમે લિચ્છવી ગણરાજ્યની ક્ષત્રિય રાજકુમારી કુમારદેવી સાથે લગ્ન કર્યા. આ લિચ્છવીઓની સહાયથી ચંદ્રગુપ્ત પ્રથમ મગધના નાનકડા રાજ્યનો વિસ્તાર પૂર્વમાં બંગાળા, ઉત્તર પ્રદેશ, બિહાર અને દક્ષિણમાં વર્તમાન મધ્ય પ્રદેશ સુધી વિસ્તારીને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. તેણે પોતાની સત્તા અને પ્રતિષ્ઠાની પ્રતીતિ કરાવવા સોનાના સિક્કા પડાવ્યા હતા. તેણે પોતાના રાજ્યારોહણ પ્રસંગની યાદમાં 'ગુપ્તસંવત'(ઈ. સ. 319 -20)ની શરૂઆત કરી હતી.

## 2. સમુદ્રગુપ્તના વિજયોનું વર્ણન કરો.

- ચંદ્રગુપ્ત પ્રથમના અવસાન પછી તેનો પ્રતાપી પુત્ર સમુદ્રગુપ્ત સત્તાસ્થાને આવ્યાં. કેટલાક ઇતિહાસકારોના મત મુજબ, સમુદ્રગુપ્ત તેના પિતાનો જ્યેષ્ઠ પુત્ર ન હતો પરંતુ તે સાહસિક, મહત્ત્વાકાંક્ષી અને સંસ્કારી હતો. ગુપ્ત સામ્રાજ્યનું સર્જન કરવાને તેના પિતાનું સ્વપ્ન તે પૂર્ણ કરી શકે તેમ હતો. આથી ચંદ્રગુપ્ત પ્રથમે પોતાના આ શ્રેષ્ઠપુત્રને શાસનધુરા સોંપી. સમુદ્રગુપ્તનો ઇતિહાસ જાણવા માટે અલાહાબાદનો સ્તંભપ્રશસ્તિલેખ તથા તેના સિક્કાઓ ખાસ મહત્ત્વ ધરાવે છે. સમ્રાટ અશોકના સ્તંભ પર નીચેની ખાલી જગ્યામાં સમુદ્રગુપ્ત પોતાનો લેખ કોતરાવ્યો છે. આ પ્રયાગપ્રશસ્તિ તેના રાજકવિ હરિષેણે સંસ્કૃત ભાષામાં રચી છે. તેમાં સમ્રાટ સમુદ્રગુપ્તના દિગ્વિજયો અને સાંસ્કૃતિક સિદ્ધિઓ શુદ્ધ, આલંકારિક અને ઉચ્ચ કક્ષાની ભાષામાં લખાયેલાં છે.
- આર્યાવર્ત(ઉત્તરાપથ)નાં યુદ્ધો : સમુદ્રગુપ્ત સૌપ્રથમ આર્યાવર્ત(ગંગા-યમુનાના પ્રદેશો)ના અશ્રુત, નાગસેન અને કુલજ નામના રાજાઓને હરાવ્યા અને તેમનાં રાજ્યોને ગુપ્તરાજ્યમાં જોડી દીધાં. અહિચ્છત્ર, ગ્વાલિયર અને કોટા પ્રદેશના રાજાઓને પરાજય આપ્યો. કશ્મીર, પંજાબ, સિધ, ગુજરાત અને પશ્ચિમ રાજપૂતાના સિવાય લગભગ સમગ્ર ઉત્તર ભારતનો તેના સામ્રાજ્યમાં સમાવેશ થતો હતો.
- આર્યાવર્ત (દક્ષિણપથ)નાં યુદ્ધો : ઉત્તર ભારતમાં પોતાની એકચક્રી સત્તાની સ્થાપના કર્યા પછી તેણે દક્ષિણ ભારતની વિજયયાત્રી આરંભી. સમુદ્રગુપ્તની વિજયયાત્રા મધ્ય પ્રદેશના પૂર્વ તથા દક્ષિણ ભાગમાં થઈને ઓડિશાના રસ્તે દક્ષિણ ભારતનાં પૂર્વ કિનારાનાં રાજ્યોમાં થઈ કૃષ્ણા અને કાવેરી નદીની વચ્ચે આવેલા પલ્લવ રાજ્ય સુધી પહોંચી હતી. દક્ષિણ ભારતમાં પણ તેણે વિજય મેળવ્યા હતા. તેણે દક્ષિણ ભારતના વાકાટક રાજવીઓ સિવાયના કુલ 12 રાજાઓને હરાવ્યા હતા. સમુદ્રગુપ્ત દક્ષિણનાં આ બધાં રાજ્યોને હરાવીને તેમનાં રાજ્યો ખાલસા કરવાને બદલે તેમની પાસેથી પોતાનું ચક્રવર્તપણે કબૂલ કરાવીને તેમનાં રાજ્યો તેમને પાછો સોંપી દીધાં. આમ, તેણે પોતાનું આધિપત્ય 'સામંતશાહી પદ્ધતિથી સ્થાપ્યું. દક્ષિણના વિજયો પછી તેણે આર્યપ્રણાલિકા મજબ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો.

➢ અન્ય વિજય : દક્ષિણના મહાન વિજયોની ખ્યાતિ આજુબાજુના પ્રદેશોમાં ફેલાતાં, તેના પ્રભાવથી આકર્ષાઈને તેના સામ્રાજ્યની સરહદે આવેલાં પાંચ રાજ્યો અને નવ ગણરાજ્યોએ સમુદ્રગુપ્તના સાર્વભૌમત્વનો સ્વીકાર કર્યો. સમુદ્ર ગુપ્ત ના અન્ય વિજયોમાં બંગાળ, કામરૂપ, નેપાળ, માલવ,યોધેય અને આભિરો સાથેના યુદ્ધનો સમાવેશ થાય છે. આ રાજાઓને હરાવીને તમામની પાસેથી તેણે ખંડણી સ્વીકારી. કેટલાક રાજાઓએ તેમની પુત્રીના લગ્ન સમુદ્રગુપ્ત સાથે કર્યા. નેપાળથી દક્ષિણે છેક કાંચી(કાંજીવર)નાં પલ્લવ સધી અને પશ્ચિમે માળવાથી પૂર્વમાં બંગાળા સુધી મોટા રાજા ખોએ સમુદ્રગુપ્તની સાર્વભોમ સત્તાનો સ્વીકાર કર્યો.

➢ સમુદ્રગુપ્ત નું મુલ્યાંકન : ઇતિહાસમાં સમુદ્રગુપ્ત મહાન વિજેતા અને મહાન સેનાપતિ તરીકે વિખ્યાત છે. આર્યાવર્તનાં રાજ્યોને હરાવીને તથા દક્ષિણની અજાણી ભૂમિ માં અનેક મુશ્કેલીઓ પસાર કરીને તેણે પોતાના લકરને સફળતાપૂર્વક , દોરવણી આપી હતી. આ તેની સેનાપતિ તરીકેની કાબેલિયત પુરવાર કરે છે. તેણે પોતાના વિજયો દ્વારા ટૂંકા સમયમાં એક નાનકડા રાજ્યમાંથી મહાન સામ્રાજ્યનું સર્જન કર્યું હતું. આથી સમુદ્રગુપ્તને 'ભારતનો નેપોલિયન' કહેવામાં આવે છે. તે માત્ર સાહસિક વિજેતા જ નહિ, પરંતુ પ્રથમ કક્ષાનો મુત્સદી પણ હતો. તેણે પોતાના સામ્રાજ્યને સલામત રાખવા સરહદ પરના નાનાં અને નબળાં રાજ્યોનું અસ્તિત્વ નાબૂદ કર્યું. સરહદ પારના રાજ્યો સાથે મિત્રાચારીના સંબંધો રાખીને તેણે નાજની ભાષામાં 'બફર સ્ટેટ' કહી શકાય તેવાં રાજ્યોની હારમાળા ઊભી કરી હતી. તે સામ્રાજ્યના સર્જન કરવાની સાથે પોતાની મર્યાદાઓને પણ સારી રીતે જાણતો હતો. તેથી તેણે દક્ષિણનાં રાજ્યોને આર્યાવર્તનાં રાજ્યોની જેમ પોતાના સામ્રાજ્યમાં ભેળવવાને બદલે એ રાજ્યો તેના રાજાઓને પાછાં સોંપી, તેમના પર આડકતરો અંકુશ રાખીને સંતોષ માન્યો.

### 3."ચંદ્રગુપ્ત દ્વિતીય ગુપ્તવંશનો શ્રેષ્ઠ રાજવી હતો." ચર્ચા કરો.

➢ ઈ. સ. 376માં સમુદ્રગુપ્તનું અવસાન થયું. ગુપ્તવંશાવળી પ્રમાણે ઈ. સ. 380માં ચંદ્રગુપ્ત દ્વિતીય (વિક્રમાદિત્ય) ગાદી પર આવ્યો. કેટલાક વિદ્વાનોના મત મુજબ, સમુદ્રગુપ્તના અવસાન પછી તેની પુત્ર રામગુપ્ત (ઈ. સ. 175થી 380) રાજ્ય કર્યું હતું. ચંદ્રગુપ્તા દ્વિતીયે શક રાજાને મારી નાખ્યો અને ગુપ્ત સામ્રાજ્યનો વિસ્તાર કર્યો, આથી તે ખૂબ લોકપ્રિય બન્યો હતો. ચંદ્રગુપ્ત દ્વિતીય ગુપ્તવંશનો સૌથી વધુ પ્રતિભાશાળી શાસક હતો.

➢ ઇતિહાસમાં તે 'વિક્રમાદિત્ય', 'મહારાજાધિરાજ' અને 'પરમભટ્ટારક' તરીકે પ્રસિદ્ધ છે. તે તેના પિતા જેવો પરાક્રમી, મહત્વાકાંક્ષી, દૂરંદેશી એના સામ્રાજ્યવાદી હતો. ચંદ્રગુપ્ત દ્વિતીયમાં તેના પિતાની લશ્કરી પ્રતિભા તથા દૂરંદેશી રાજનીતિ ઊતરી આવી હતી. સામ્રાજ્ય નો વિસ્તાર કરવા માટે તેણે લશ્કર તેમજ શાંતિ પૂર્ણ એમ બે પ્રકારનાં પગલાં લીધાં હતા. તેણે કેટલાંક ગણરાજ્યો શષ્ટ્ર નિર્માણ કરી લકરને શસ્ત્રો પૂરા પાડવાની કાર્યવાહી રણમાંડાગારિક' નામનો એક વિશિષ્ટ અધિકારી સંભાળતો હતો.

➢ મહેસૂલીતંત્ર : રાજ્યની આવકનો મુખ્ય સોન 'જમીનમહેલ' હતું. 'ગોપાશ્રમિન' અને 'બાપટલાધિ કૃત' એ મહેસૂલીતંત્રના સર્વોચ્ચ વડાઓ હતા. તેઓ મહેસૂલ નક્કી કરવાનું અને તેનો હિસાબ રાખવાનું કામ કરતા હતા. દસ્તાવેજ તૈયાર કરી, તેને દફતરે રાખવાનું કામ પુસ્તપાલ નામના અધિકારી કરતા. તે જમીનનું 'સર્વેક્ષણ', 'પાપ' કરાવવાનું કાર્ય કરતો. રાજ્યનું સમગ્ર તંત્ર મહેસુલી તંત્રની સુચારું નીતિને આભારી હોવાથી 'રાજા' મહેસુલના વહીવટીતંત્રમાં ખૂબ જ કાળજી રાખતો હતો. કામદકના 'નીતિસાર' અને 'નારદસ્મૃતિ'માં જણાવ્યા મુજબ ગુપ્ત સામ્રાજ્યમાં મહેસૂલનો દર આવકનો છઠ્ઠો ભાગ હતો. આ ઉપરાંત વેપારીઓએ 'શુદ્ધ' (વાણિજ્ય 62), 'વિષ્ટિ' (વેઠ) અને 'બલી' જેવા અન્ય પ્રકારના કર આપવાના હતા. રાજ કુળની જમીન અને જંગલોમાંથી

મળતી આવક રાજાની ગણાતી. ખાણમાંથી મળતાં ખનીજ તત્ત્વો અને રત્નો પર રાજાનો અધિકાર હતો.. મીઠાના ઉત્પાદન પર રાજા કર લેતા હતા.

4. સમ્રાટ હર્ષવર્ધનની રાજકીય કારકિર્દી અને સિદ્ધિઓનું વર્ણન કરો.

- હર્ષવર્ધન (ઈ. સ. 600થી 647)ના પ્રતાપી શાસનકાળનાં ઈતિહાસ મુખ્યત્વે તેના દરબારી કવિ બાણભટ્ટરચિત હર્ષચરિત માંથી તથા તેના રાજયમાં આવેલા પ્રસિદ્ધ ચીની યાત્રાળુ યુઆન-વાંગે લખેલી પ્રવાસ નોંધમાંથી મળે છે. ભારતમાં હુણોના હુમલાઓએ ગુપ્ત સામ્રાજયના પાયા હચમચાવી નાખ્યા હતા. દેશ અનેક નાનાં-મોટાં રાજયોમાં વહેચાઈ ગયો હતો. આ સમયે સતલુજ અને યમુના નદીના વચ્ચેના પ્રદેશમાં થાણેશ્વર નગરનો ઉદય થયો. થાનેશ્વર ના રાજા પ્રભાકરવર્ધને હુણો, ગુર્જરો, માળવા અને ગાંધારના રાજાઓ પર આધિપત્ય સ્થાપીને પોતાનું રાજ્ય બળવાન બનાવ્યું. પ્રભાકરવર્ધનને રાયવર્ધન અને હર્ષવર્ધન નામે બે પુત્રો અને રાજયશ્રી નામે પુત્રી હતી. રાજ્યશ્રીને કનોજના રાજા મૂવમેન સાથે પરણાવી ખેતી માળવાના રાજા દેવગુપ્ત કનોજ પર હુમલો કરી ગૃહવર્મનની હત્યા કરી. ગોડ (બંગાળા)ના રાજા શશાંકે શાથી રાજયવર્ધનને મારી નાખ્યો. પરિણામે એકસાથે કનોજ અને થાનેશ્વરના રાજ્યો રાજા વગરનાં થયાં, મંત્રીઓ એ હર્ષવર્ધનને ઈ. સ. 608 માં થાણેમારનો રાજા બનાવ્યો.
- પ્રારંભિક કારકિર્દી : થાણેશ્વરની ગાદી પર બેઠેલા હર્ષવર્ધનને માથે બે જવાબદારીખો આવી (1) ગીડના રાજા શશાંક પાસેથી મોટા ભાઈ રાજયવર્ધનની હત્યાનો બદલો લેવાની અને (2) પોતાના બનેવી ગુંવનની ધન્યાનો બદલો લેવાની અને દેન રાજયશ્રીને મુકત કરાવવાની. આ માટે હર્ષવર્ધને ગૌડની સરાદે આવેલા કામરૂપ(અસમ)ના રાજા ભાસ્કરવમાં સાથે કુનેહપૂર્વક મિત્રતાની સંધિ કરી. સૌપ્રથમ તેણે કેદ થયેલી બહેન રાજ્ય શ્રીને મુક્ત કરાવવાનું નક્કી બોદ્ધ સાધુ દિવાકરેમિત્ર તથા અન્યૂની સહાયથી તેને બંધન મુક્ત કરાવવામાં આવી. આ સમયે તેના સેનાપતિ મંડિએ સમાચાર આપ્યા કે તે વિંધ્યાચળનાં જંગલોમાં નાસી ગઈ છે.
- આથી ગોડ પર ચડાઈ કરવાની જવાબદારી સેનાપતિ મડિને સોંપી હર્ષવર્ધન વિધ્યાચળના જંગલમાં ગયો. રાજયશ્રી સતી થવાની તૈયારીમાં ઉતી, ત્યાં જ હર્ષવર્ધન જઈ પહોંચ્યો અને રાજયશ્રીને સતી થતી બચાવી લીધી. આ સમયે કનોજનું રાજ્ય રાજા વગરનું હતું અને તે માળવા તથા ગોડનો દુશ્મનોથી ઘેરાયેલું હતું. આથી કનોજના મંત્રીઓ અને દરબારીઓએ હર્ષવર્ધનને પોતાની બહેન વતી કનોજની ગાદી સ્વીકારવાની વિનંતી કરી.
- હર્ષવર્ધને તેનો સ્વીકાર કર્યો. હર્ષવર્ધને કનોજને પોતાની રાજધાની બનાવી. આ પછી મોટી સેના તૈયાર કરી માળવાના રાજા દેવગુપ્તને હરાવ્યો. હર્ષવર્ધનના વિજયો : હર્ષવર્ધન મહાન વિજેતા હતો. સતત સાત વર્ષ સુધી યુદ્ધો કરી તેણે ઉત્તર ભારતના મોટા ભાગના રાજાઓને હરાવ્યા હતા. સેનાપતિ મંડિની મદદથી હર્ષવર્ધને ગૌડના રાજા શશાંકની રાજધાની પર આક્રમણ કર્યું. પરંતુ હર્ષવર્ધનને ધારી સફળતા મળી નહિ. ઈ. સ. 619 સુધી તેણે શશાંક પર વિજય મેળવ્યો હતો, તેમ તેના એક સામતના તામ્રલેખ પરથી જાણી શકાય છે.
- નર્મદાની પેલે પારના દક્ષિણના ચાલુક્ય રાજવી પુલકેશી બીજા સાથેના યુદ્ધમાં પણ તેને સફળતા મળી ન હતી. તેના શાસનકાળના અંત (ઈ. સ. 641)માં તેણે ગૌડના શશાંકના નબળા વારસોને હરાવી મગધ તથા મંગાળા કબજે કર્યા હતાં. આ બધા વિજયો મેળવી હર્ષવર્ધન થાણેશ્વરના એક નાનકડા રાજવીમાંથી ઉત્તર ભારતના વિશાળ સામ્રાજયનો સ્વામી બન્યો હતો .

- સમ્રાટ હર્ષવર્ધનની સિદ્ધિઓ : સમ્રાટ હર્ષવર્ધને પોતાની સામ્રાજય કાર્યક્ષમ અને અસરકારક વહીવટ સ્થાપ્યો હતો. તે રાજયના સમ વ્યવસ્થા પર જાની દેખરેખ રાખતો હતો. આ માટે તે રાજયના વિવિધ ભાગોમાં સતત પ્રવાસ કરતો હતો. તેણે મોર્ય અને ગુપ્ત સામોના વહીવટી સિદ્ધાંતોને આધારે પોતાનું વડીવટીતંત્ર ગોઠવ્યું હતું. આ કેન્દ્ર તથા પ્રાંતના વહીવટને વિરોધ પ્રર્યક્ષમ બનાવવા માટે તેને વિવિધ વિભાગોમાં વિભાજિત કરી, તેના પર પ્રામાણિક અને સેવાના અધિકારીખો નીમ્યા હતા.
- યુઆન-શ્વાંગના જણાવ્યા પ્રમાણે હર્ષવર્ધન તેના વહીવટમાં ન્યાયી અને ફરજપાલનમાં ખૂબ જ નિયમિત હતો. તે પોતાનો મોટા ભાગનો સમય વહીવટીતંત્ર માટે, પ્રજાના કલ્યાણ માટે તથા ધાર્મિક કાર્યો માટે ફાળવતો હતો. રાજયના કુશળ મંત્રીઓ અને અધિકારીઓની સલાહ અને સહાય મુજબ તે પોતાનો વહીવટ ચલાવતો. એના મંત્રીઓમાં સેનાપતિ, સંધિવિગ્રહિક, પરરાજયમંત્રી, પ્રતિહાર (દ્વારપાલ), રાજદૂત, માદંડનાયક (વડો ન્યાયાધીશ), અલપટલિક (નોંધણી કરનાર) વગેરેનો સમાવેશ થતો હતો.